**પેરા–૭**

**ફોજદારી કેસ નંબર:– 51719/2021**

(૧) આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગ નુ આયોજન કરવામાં આવેલ છે તેમાં અમો આરોપી હાજર થઈ ગુનાની કબુલાત અંગે પરસીસ આપતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(અ) મુજબના ગુનાનો આરોપી છે અને તે આરોપીનાઓએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીઓએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીઓએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીઓની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતા, તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષ માં રાખતા તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગોને ધ્યાને લેતા, આરોપીઓને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપીઓ ઉપર દયા બતાવી,સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

૧.આ કામના આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૫૨ અન્વયે ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(અ) ના ગુના માટે તકસીરવાર ઠરાવી, દરેક આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ આરોપીને રૂપીયા ૧૦૦/- (અંકે રૂપીયા સો પૂરા) નો અને જો દંડ ના ભરે તો દિન-૩ (ત્રણ) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

- ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેચલ સીંટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ આ સ્પેશ્યલ મેજીસ્ટ્રેચલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ:-૧૧/૧૨/૨૦૨૧

સ્થળ :-અમદાવાદ.

(દિલીપસિંહ બી. ગોહીલ)

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં. ૧૯, અમદાવાદ.

X______________________

( આરોપી ની સહી)

X__________________________

(આરોપીના વકીલની સહી)

**કચેરી નોંધ:-**

નામદાર અદાલતે તારીખ-૧૧/૧૨/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ મુજબ દંડના રૂપીયા ૧૦૦/- (અંકે રૂપીયા સો પૂરા) પહોચ નંબર........થી આજરોજ સ્વીકારવામાં આવેલ છે.

X ..............................

અધીકૃત કર્મચારી કોર્ટ નં.૧૯

હુકમ જોઈ ચકાસી ખરાઈ કરી અપલોડ કરેલ છે.

X ..............................

અપલોડ કરનાર કર્મચારી કોર્ટ નં.૧૯